બજારમાં ગુણકારી ગોરસ આંબલીનું આગમન

ગાંધીનગર,તા.૦૪

કુદરતે આપણને એવા ઘણા બધા ફળ ફૂલ ઝાડ અને જડી બુટ્ટીઓ આપી છે જે આપણા સ્વાસ્થ્ય માટે ખુબ જ લાભકારી હોય છે અને આપણા સ્વાસ્થ્ય ને લગતી બધી સમસ્યાઓનું નિવારણ પણ હોય છે. એવું જ એક ફળ,એવું જ એક ઝાડ છે. ''મીઠી આંબલી'' જેને ''ગોરસ આંબલી'' પણ કહેવામાં આવે છે.બજારમાં પણ તેનું આગમન થઈ ચૂકયું છે. અલગ અલગ વિસ્તાર પ્રમાણે તેના અલગ અલગ નામો છે. કોઈક જગ્યા ઈ તેને '' જલેબી ફુટ '' તરીકે તો વળી કોઈક જગ્યા ઈ તેને '' ગંગા આંબલી '' પણ કહે છે. આ મીઠી આંબલીમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, કેલ્શિયમ, ફોસ્ફરસ, લોહતત્વ, જેવા ખનીજ તત્વો ની સાથે સાથે વિટામીન ઈ, બી૧, બી૨, બી૩ વગેરે ભરપૂર માત્ર માં મળી રહે છે.ગોરસ આંબલી શરીરની ઘણી જરૂરિયાતો એકસાથે પૂરી કરે છે. ગોરસ આંબલીનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિ પણ વધે છે. ગોરસ આંબલીના ખાટા મીઠા ફળમાં વિટામિન સી ખૂબ વધારે પ્રમાણમાં હોય છે, તેથી તે એન્ટીઓકિસડેંટસ તરીકે કામ કરે છે અને રોગો સામે લડવાની શરીરની ક્ષમતામાં પણ વધારો કરે છે. માથાના દુખાવામાં ગોરસ આંબલીના છાલનો ઉકાળો ૧૫ થી ૨૦ મિલી જેટલો પીવાથી તરત જ રાહત થઈ જાય છે.

કેન્સરથી બચાવશે ગોરસ આંબલીના ગુણ

ગોરસ આંબલીના ફળમાં કેન્સર વિરોધી ગુણ જોવા મળ્યા છે. તેથી જો આ ફળનું સેવન કરવામાં આવે તો કેન્સર કોશિકાઓની વધવાની ગતિ રોકાઈ જાય છે. જો કોઈ વ્યક્તિને કેન્સર ના હોય તો તેને કેન્સર થવાની શક્યતા પણ ઘટી જાય છે. કારણ કે આ ફળોમાં રહેલ એન્ટી ઓક્સિડેન્ટ કેન્સર કોશિકાઓને વધવાથી રોકે છે.

ડાયાબિટિસ રોગ સામે ફાયદાકારક

ગોરસ આંબલીને ડાયાબિટીસનાં રોગીઓ માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. આ ફળમાં અનેક એન્ટીઓક્સિડેન્ટ હોય છે, જે શરીરને લાભ આપે છે. ટાઈપ-૨ ડાયાબિટીસનાં દર્દીઓ માટે ગોરસ આમલીના ફળનું સેવન અને તેનો જ્યુસ ખૂબ જ લાભદાયક છે. ઘણા બધા વૈદ્ય અને જૂના લોકો માને છે કે ડાયાબિટીસનાં રોગીને જો એક મહિનો સળંગ ગોરસ આંબલીનું સેવન કરે તો તેમને તે રોગમાંથી છુટકારો મળી શકે છે.

શ્વાસને લગતી સમસ્યાઓમાં મળશે રાહત

ગોરસ આંબલીના ફળ અને તેના ગર્ભના ચૂર્ણનું સેવન કરવાથી શ્વાસના રોગમાં રાહત મળે છે, અને દર્દીઓને આરામ પણ મળે છે. તમને જણાવી દઈએ કે ગોરસ આંબલીના પાંદડા અને તેના ફૂલનો ઉકાળો બનાવીને પીવાથી શ્વાસને લગતી તમામ સમસ્યાઓનું સમાધાન મળે છે. વજન ઘટાડવા માટે ઉપયોગી ગોરસ આંબલીનું સેવન કરવાથી તમને તમારું વજન ઘટાડવામાં પણ મદદ મળશે, તેને ખાવાથી ખૂબ જ સરળતાથી વજન ઘટી શકે છે. ઉલ્લેખનીય છે કે આંબલીના બીજમાં ટ્રીપ્સિન ઈન્હિબીટર ગુણ રહેલા છે જે મોટાપાને ઓછું કરવામાં ઉપયોગી સાબિત થાય છે.

લગ્નસરાની સિઝનમાં સોના-ચાંદીના ભાવો વિલનની ભૂમિકામાં

ઘરના જુના ઘરેણાં તોડી નવા બનાવી વ્યવહાર સાચવતા લોકો, દાગીનાથી સમાજના રિતી-રિવાજોનું સંતુલન બગડ્યુ, રોકડ વ્યવહાર શરૂ થયો

ગાંધીનગર, તા. ૪

દેશભરમાં હાલ લગ્ન પ્રસંગોની સિઝન પૂર બહારમાં ખીલી ઉઠી છે. જેમાં સોના-ચાંદીના દાગીનાના વ્યવહારમાં અસહ્ય ભાવો મુશ્કેલી ઉભી કરી રહ્યા છે. છેલ્લા એકાદ વર્ષમાં જ લગભગ વીસ ટકા જેવો સોના-ચાંદીમાં થયેલો ભાવ વધારો પ્રસંગ આયોજીત કરનાર માટે આર્થિક ભીંસ ઉભી કરી રહ્યો છે. જો કે વર પક્ષ અને કન્યા પક્ષ બન્ને તરફે જ્યાં ફક્ત રિવાજ સાચવવા રોકડ વ્યવહારને પણ અપનાવવાની સુઝ-બુઝ ઉભી થઈ છે જે તે સૌએ આવકારી પણ છે.દરેક સમાજમાં પોતાના પરંપરાગત રિતી રિવાજો મુજબ દાગીનાની આપ-લે એ સામાજીક વ્યવહાર છે ત્યારે સોના-ચાંદીના હાલના ભાવો આ સામાજીક વ્યવહારમાં વિલનની ભુમિકા ભજવી રહ્યા છે. લગ્ન પ્રસંગ આયોજીત કરનાર કન્યા પક્ષે તો દિકરી પ્રત્યે વ્યવહાર સાચવી પોતાનું આગવુ આયોજન કરેલ હોય છે પરંતુ દિકરીના પિતાની વ્યથા હાલના આ સોના-ચાંદીના ભાવોએ ખુબ જ વધારી દીધી છે. જેમાં વળી કેટલાક લોકો ઘરના જુના ઘરેણાંને તોડીને કે આપીને નવા ઘરેણાં લઈ ફક્ત દાગીનાની મજુરી ચુકવી પ્રસંગ અને વ્યવહાર સાચવતાં થયા હોવાનું જાણવા મળેલ છે.જોકે સોના-ચાંદીના દાગીનાની આપ-લે માં સમાજના પરંપરાગત રિતી-રિવાજોનું સંતુલન બગડી જતાં શ્રીમંત લોકોમાં છુપો અણગમો ઉભો થયો છે જેમાં વળી બન્ને પક્ષની સંમતિથી કેટલાક લગ્ન પ્રસંગોમાં રોકડ વ્યવહાર કરી સામાજીક જવાબદારી પૂર્ણ કરાય છે તો વળી કેટલાંક મા-બાપ દીકરીના નામે બેંકની થાપણ રસીદો પણ મુકી વ્યવહાર સાચવવાનો પ્રયાસ કરી રહ્યા છે. છેલ્લા એકાદ વર્ષમાં જ વીસ ટકાથી વધુ સોના-ચાંદીનાં થયેલા ભાવ વધારાથી ઝવેલર્સની દુકાનોમાં પણ ગ્રાહકોની સંખ્યા ઘટી હોવાનું જાણવા મળેલ છે.

ગુજરાતના પ્રાથમિક શિક્ષકોને સમર્પિત રામકથાનો ૧ ૩મીથી ગાંધીનગરમાં પ્રારંભ

ગાંધીનગર,તા.૦૪

પુ.મોરારીબાપુ અત્યારે ભલે લોક શિક્ષક તરીકે સમગ્ર જગતને ચેતના પુરી પાડતાં હોય.પરંતુ એક સમયે તેઓ પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે કાર્યરત હતાં અને તેથી સ્વાભાવિક રીતે બાપુને પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ બહેનો માટે વિશેષ અનુગ્રહ હોય અને એના ભાગરૂપે બાપુ પાસે પ્રાથમિક શિક્ષક ભાઈ બહેનોએ કથા શ્રવણ દ્વારા મૂલ્ય શિક્ષણ માટેના પ્રયાસ કરવા ઘણીવાર કથાનું માધ્યમ મેળવવા વિનંતી કરી હતી. બાપુએ સમય સંજોગો મુજબ તેનો સ્વીકાર કરવા અનુમતિ પણ આપેલી. આખરે આ ઘડી હવે આવી પહોંચી છે. બાપુએ આ કથાને પોતાની કથા સમજીને અનેક શિક્ષક ભાઈ બહેનોની કથાની સાથે સંવેદનાથી જોડ્યાં છે. આગામી ૧ ૩મી મેથી ગાંધીનગર પાસેના ગિફ્ટ સિટીમાં પાસે આવેલાં વલાદ ગામમાં આ કથાનો પ્રારંભ થશે. આગળના દિવસે ૧૨ મે ના રોજ શિક્ષકોના રાષ્ટ્રીય અધિવેશનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ ઉપસ્થિત રહેનાર છે. તેથી આ રામકથાનું મહત્વ અને અનેરું બની રહેવાનું છે. ગુજરાતના મુખ્યમંત્રી તથા મંત્રી મંડળના ઘણાં બધાંએ વિશિષ્ટ મહાનુભાવો તથા દરમિયાન ઉપસ્થિત રહીને આ મહાઅભિયાનને વેગવંતુ બનાવવા માટે પોતાની સંમતિ દર્શાવશે. કથાના આયોજનમાં મુખ્ય રૂપે ગુજરાત પ્રાથમિક શિક્ષક સંઘ જોડાયેલું છે. કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રુપાલાજીના વિશેષ સહયોગ અને પ્રયત્નથી આ ભગવદિય કાર્યમાં અનન્ય સાથી તરીકે રામભક્ત એવા રીયલ એસ્ટેટની સાથે જોડાયેલાં શ્રી ડાયાભાઈ ભરવાડ અને હીરાભાઈ ભરવાડ પણ આ કથાના નિમિત માત્ર યજમાન છે. કથામાં ૨૦ એકરમાં ભોજન અને સભા મંડપનો સમિયાણો ઊભો કરવામાં આવ્યો છે.તેમાટેની જરૂરી વ્યવસ્થાઓ માટે વિવિધ કમિટીઓની રચના કરીને ઉમંગભેર સ્થાનિક જિલ્લાઓ ગાંધીનગર અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં શિક્ષક ભાઈ બહેનો પોતાની સેવા આપવા માટે જોડાઈ ગયા છે. કથાના આયોજનમાં શિક્ષક સંઘના હોદ્દેદારો શ્રી દિગ્વિજયસિંહ જાડેજા, સતિષભાઈ પટેલ, રણજીતસિંહ પરમાર, મિડિયા સંયોજક શ્રી જયમીનભાઈ પટેલ ઉપરાંત ડાયાભાઈ ભરવાડ અને હિરાભાઈ ભરવાડ વગેરે જોડાઈ ગયાં છે.કથામા ૧ લાખ શિક્ષક ભાઈ બહેનો ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.રાત્રી કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું છે.૧૩-૫ ના રોજ જીજ્ઞેશ બારોટ,ગીતા રબારી,૧૫-૫ ના માયાભાઈ આહીર,ઉવેંશી રાદડિયા,૧૬-૫ કિર્તીદાન, રશ્મિતા રબારી,૧૮-૫ રાજભા અને બીરજુ બારોટ,૨૦-૫ ઓસમાણ મીર - અલ્પા પટેલ-ફરિદા મીર વગેરે રંગ કસુંબલ ડાયરાઓની રમઝટ કરશે. સૌને કથા શ્રવણ તથા લોકડાયરા પધારવાનું જાહેર નિમંત્રણ છે.ભજન ભોજનનો આ સેતુ ગાંધીનગર માટે એક રુડો અવસર બની રહેશે.

સાણોદા પ્રાથમિક શાળાના શિક્ષક પ્રશાંત કુમાર શર્માનું વિશેષ એવોર્ડથી સન્માન કરાયું

ગાંધીનગર,તા.૪

સ્કૂલ એકેડેમી કેરાલા અને ટિમ મંથન ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ડીસા ખાતે ગિજુભાઈ બધેકા નેશનલ ટીચર એવોર્ડ યોજવામાં આવ્યો. જેમાં સમગ્ર દેશમાંથી નાવીન્યતા પૂર્વક શિક્ષણકાર્ય કરતા શિક્ષકોની પસંદગી કરવામાં આવી. અહીં જુદા જુદા રાજ્યોમાંથી કુલ ૧૨૦ જેટલા શિક્ષકોની પસંદગી કરવામાં આવી. જેમાં કેરાલા, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, હૈદરાબાદ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ અને અન્ય રાજ્યોમાંથી પસંદગી પામેલ શિક્ષકો હાજર રહ્યા હતા.

જેમાં ગાંધીનગર જિલ્લાની સાણોદા આદર્શ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી પ્રશાંતકુમાર શર્માએ કોરોના સમયગાળા દરમ્યાન વિવિધ માધ્યમો દ્વારા લાખો વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પાડ્યું. વિદ્યાર્થીઓમાં મોડેલ નિર્માણ દ્વારા સુષુપ્ત શક્તિઓનો વિકાસ કરવો અને સ્કિલ કેળવવી. વિવિધ પ્રવૃતિ અને પ્રયોગો દ્વારા વિજ્ઞાન શિક્ષણ આપવું. મુલાકાત, પ્રોજેકટકાર્ય, કવિઝ જેવી અન્ય પ્રવૃતિઓ દ્વારા અનોખું શિક્ષણકાર્ય કરાવવું.જેવા વિષયોને ધ્યાનમાં રાખીને તેમની પસંદગી કરવામાં આવી.

જેમાં ગુજરાત વેરહાઉસના પૂર્વ ચેરમેન શ્રી મગનલાલ માળી એ સાણોદા આદર્શ પ્રાથમિક શાળાના શિક્ષક શ્રી પ્રશાંતકુમાર શર્માને શિલ્ડ, પ્રમાણપત્ર અને મેડલ આપીને સન્માનિત કરવામાં આવ્યા.

શહેરમાં કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા

રાંદેસણ, સે. ૨૮, ૨, ૨૭ માંથી કેસો મળી આવ્યા : શહેર-જિલ્લામાં ૫ દર્દીને ડિસ્ચાર્જ અપાયુ : ૪૦ જેટલા એક્ટીવ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના કેસ નોંધાયા નથી.

શહેર-જિલ્લામાં આજે પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક દર્દીને તથા ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચાલી રહેલી ચડાવ-ઉતારની સ્થિતિથી તંત્ર ચિંતીત છે. તબીબી જગતમાં એવી ચર્ચા ચાલી રહી છે કે હાલ સંક્રમણ સ્થિર થયુ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના ૪ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં એક અને વિવિધ સેક્ટરોમાં ૩ કેસ નોંધાયા છે.

છુટાછવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ રાંદેસણ ગામમાં આજે ૫૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૮માં ૩૭ વર્ષીય યુવાનનો, સે. ૨ માં ૫૯ વર્ષીય મહિલાનો તેમજ સે. ૨૭માં ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી. આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી અને દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને હોમ આઈસોલેટ કરવાની કામગીરી હાથ ધરી છે.

શહેર-જિલ્લામાં ૪૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે કરવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં ડો બિમલ મોદીની દિકરી હિયા ઝળકી

ગાંધીનગર તા ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં જિલ્લામાંથી માંડ ૨ વિદ્યાર્થીઓને જ એ વન ગ્રેડ પ્રાપ્ત થયો છે. જયારે નગરના ઘણાં વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ છે. જેમાં થોડા ગુણના અભાવે જ એ વન ગ્રેડથી આ તેજસ્વીઓ વંચિત રહી ગયા હોવાનો અફસોસ પણ વ્યકત કરી રહ્યા છે. નગરના તબીબ દંપતીની પુત્રી હીયા બિમલ મોદીએ પણ ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. ડો બિમલ મોદીની દિકરી હિયાએ ૯૯.૮૬ ટકા પર્સન્ટાઈલ પ્રાપ્ત કર્યા છે.

એ ગૃપમાં સારુ પરિણામ મળતા હિયાએ આગળ એન્જિનિયરીંગ ક્ષેત્રે અભ્યાસ કરવો છે. હિયાના પિતા ડો બિમલ મોદી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સિનિયર ઓર્થોપેડિક સર્જન તરીકે ફરજ બજાવે છે.

જયારે માતા અમિતાબેન મોદી પણ ડેન્ટીસ્ટ છે.

હિયાએ ધો -૧૦ માં પણ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ હતુ જયારે બોર્ડ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત રહેતી હિયાએ ટી વી અને મોબાઈલથી દુર રહેવાનુ પસંદ કર્યુ હતુ. અભ્યાસના કલાકોના અંતે તાજગી મેળવવા માટે સંગીત સાંભળવાનુ પસંદ કરતી હિયાના મતે વિદ્યાર્થીઓએ ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત કરવા માટે વાંચન પર ધ્યાન કેન્દ્રીત કરવાની સાથે રીવિઝન પણ રાખવુ અનિવાર્ય છે.

મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના પુત્ર અનુજની તબિયતમાં સુધારો

બ્રેઈન સ્ટ્રોકનાં કારણે અનુજ પટેલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, હાલ નિષ્ણાંત તબીબોની દેખરેખ હેઠળ અનુજ પટેલની સારવાર ચાલી રહી છે

અમદાવાદ, તા.૪

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં દિકરાની બ્રેઈન સ્ટ્રોક આવતા મુંબઈની હિન્દુજા હોસ્પિટલમાં સર્જરી કરવામાં આવી હતી.

જે બાદ હાલ તેઓની તબિયત સુધારા પર છે. ત્યારે બ્રેઈન સ્ટ્રોકનાં કારણે અનુજ પટેલને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ નિષ્ણાંત તબીબોની દેખરેખ હેઠળ અનુજ પટેલની સારવાર ચાલી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૩૦ એપ્રિલનાં રોજ અચાનક અનુજ પટેલને બ્રેઈન સ્ટ્રોકનો હુમલો આવ્યો હતો. જે બાદ તેઓને પ્રથમ સારવાર અર્થે કે.ડી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મુંબઈથી આવેલ ન્યુરો સર્જન દ્વારા તેઓની સર્જરી કરવામાં આવી હતી. ત્યારે તે સર્જરી બે કલાકથી વધુ સમય ચાલી હતી. જે બાદ અનુજ પટેલને બીજા દિવસે એર એમ્બ્યુલન્સ મારફતે મુંબઈની હિન્દુજા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સર્જરી કરવામાં આવી હતી. જે બાદ તેઓની હાલત હાલ સુધારા પર છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણીઓને આકરી ગરમીથી રક્ષણ આપવા કુલર અને ખસટટ્ટીનુ કવચ

ગાંધીનગર તા ૪

ગાંધીનગર પ્રકૃતિ ઉદ્યાન સહેલાણીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર છે. સિંહ અને સિંહણ ઉપરાંત વાઘ વાઘણની જોડી પણ પ્રકૃતિ પ્રેમીઓ માટે વિશેષ આકર્ષણ બની રહે છે. આકરી ગરમીના દિવસોને અનુલક્ષી પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રાણીઓને વિપરિત અસર ન થાય તે માટે પણ ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પ્રાણીઓના ખારોકમાં પણ જરૂરી બદલાવ કરવામા આવ્યો છે. સિંહ વાઘ અને દિપડાના પાંજરામાં કુલર મુકીને ગરમીમા રાહત મળે તે મુજબનુ આયોજન કરાયુ છે. જયારે પ્રાણીઓના ખોરાકમાં પણ દોઢ કીલો માસનો ઘટાડો કરવામાં આવ્યો છે.

ગાંધીનગરના પ્રકૃતિ ઉદ્યાનમાં સિંહ સિંહણની જોડી સહીત બેંગલ ટાઈગર અને સફેદ વાઘ પણ છે. જેના લીધે પ્રકૃતિ પ્રેમીઓમાં પણ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. ગરમીની સાથે વેકેશનની મોસમ પણ નિખરી છે. ત્યારે પ્રકૃતિ ઉદ્યાનમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વધી છે. હીંસક અને તૃણાહારી પ્રાણીઓના સંગ્રાહલયને જોવા માટે નાના મોટા સૌ મુલાકાત લે છે. જયારે બદલાતા મોસમના મિજાજ વચ્ચે ગરમીનો પારો પણ તપી રહ્યો છે. આવા સંજોગોમાં પ્રાણીઓને ગરમીની વિપરિત અસર ન થાય તે માટે પણ વિશેષ આયોજન કરાયુ છે. બદલાતી મોસમની અસર પ્રાણીઓ પર ન થાય તે માટે હાલ વાઘને આડા દિવસોમાં આપવામાં આવતા સાત કીલો માંસના બદલે હવે એક કીલો ઘટાડો કરવામાં આવ્યો છે. જયારે વાઘણ અને સિંહણને પણ અપાતા માસના જથ્થામાં દોઢ કીલોનો ઘટાડો કરવામાં ાવ્યો છે. જયારે ગરમીનો મિજાજ ઉગ્ર બની રહ્યો છે. ત્યારે પ્રાણીઓ હીટવેવથી પ્રભાવિત ન થાય તે માટે પાંજરામાં પાણી ભરીને રાખવામાં આવે છે. સ્પ્રિન્કલરની સાથે ઠંડક આપતા કુલર પણ મુકવામાં આવ્યા છે. સમયાંતરે પાણીના ફુવારા ઉડતા અંદર ઠંડક રહે છે. જયારે તૃણાહારી પ્રાણીઓને પણ ગરમીથી રક્ષણ પુરુ પાડવા માટે ઓરલ ડીહાઈડ્રેશન સોલ્યુશન આપવામાં આવી રહ્યુ છે. અબોલ પક્ષીઓને પણ હીટસ્ટ્રોકથી બચાવવા માટે પાણી અને ખોરાકમાં મલ્ટીવિટામીન આપવામાં આવે છે. પ્રાણીઓના પાંજરા પર ખસટટ્ટી પણ લગાવી દેવામાં આવી છે. પાણીનો છંટકાવ કરીને પાંજરાની અંદર તેમજ આસપાસના વિસ્તારમાં પણ ઠંડક રહે તે મુજબની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.